
NCS Code: 2412.0400 BFSI16

# રિસ્ક મેનેજમેન્ટ એનાલિસ્ટ

નાણાકીય બાબતોમાં, જોખમ એ રોકાણ સંબંધિત નિર્ણયોમાં રહેલી અનિશ્ચિતતાઓ અને/અથવા સંભવિત નાણાકીય નુકસાનને દર્શાવે છે. પોતાના કૌશલ્યનો ઉપયોગ કરીને સંસ્થાને નાણાકીય રોકાણ સંબંધીત જોખમો સાથે સંકળાયેલી અનિશ્ચિતતાઓ માટે તૈયાર કરવી તેમજ સંસ્થાના હિતોને ધ્યાનમાં રાખીને જોખમ તેમજ નુકસાનને ઘટાડવામાં મદદ કરવી એ રિસ્ક મેનેજરની જવાબદારી છે. રિસ્ક મેનેજરની કામગીરીની સીધી અસર કંપનીની નાણાકીય કામગીરી, કાર્યક્ષમતા, કાર્યદક્ષતા અને એકંદર સફળતા પર પડે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સાવચેત અને સુયોજીત વ્યક્તિ છો
- તમે ખર્ચ અને આવકનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો




ફી

ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં બી.ટેક.ની સરેરાશ ફી. આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૮,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ એન્જિનિયરીંગ / કમ્પ્યૂટર સાયન્સ / ઈન્ફોર્મેશન ટેકનોલોજી / કમ્પ્યૂટર એપ્લિકેશન / ગણિત અથવા સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રિસ્ક મેનેજરનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૪૫,૮૩૩ થી ૧,૨૫,૮૩૩*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?job=risk analyst

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, નાણાકીય સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનુ સંચાલન કરવાનું નથી. મીટિંગ્સમાં હાજરી આપવા માટે સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

રિસ્ક મેનેજમેન્ટ ટ્રેઇની → રિસ્ક મેનેજમેન્ટ એનાલિસ્ટ (ક્રેડિટ કાર્ડ પોર્ટફોલિયો) → ફાયનાન્સિયલ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

**એનાલિસ્ટ, રિસ્ક એનાલિસ્ટ**

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમો ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સરકારી સંસ્થાઓ

૧. દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટી
૨. લાલભાઈ દલપતભાઈ કૉલેજ ઑફ એન્જિનિયરીંગ, અમદાવાદ૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરીંગ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, કોલકાતા
૪. સરકારી પોલિટેકનિક, નાસિક (ડિપ્લોમા)
૫. સરકારી પોલિટેકનિક, મુંબઈ (ડિપ્લોમા)
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (ડિપ્લોમા)
૭. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર (ડિપ્લોમા)
૮. ગવર્મેન્ટ પોલિટેકનિક ફોર ગર્લ્સ, અમદાવાદ (ડિપ્લોમા)

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)
૧. મણિપાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. દયાનંદસાગર કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગ્લોર
૪. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી
૫. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ઝારખંડ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html


### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- એન.પી.ટી.ઈ.એલ.* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.




## સાફલ્ય ગાથા

**રોહિત મહાજન** રિસ્ક એડવાઈઝરી, ડેલોઇટ ઇન્ડિયાના અધ્યક્ષ છે. તેઓ ભારતમાં અને વૈશ્વિક સ્તરે, કંપનીઓને સલાહ આપવાનો ૨૧ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી એકાઉન્ટન્સીમાં બેચલર કર્યું છે. તેમની પાસે રિસ્ક એડવાઇઝરી, ફાઇનાન્શિયલ એશ્યોરન્સ, લાંચ-રૂશ્વત વિરોધી અને ભ્રષ્ટાચાર વિરોધી વ્યવસ્થાપન સહિત બહુવિધ વ્યવસાય પ્રથાઓનો અનુભવ છે.*

સ્રોત: https://www2.deloitte.com/in/en/profiles/rmahajan.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.